SHAMAL BHAT'S CHAPPA.

શામળ કૃત છપ્પા.

બાળકો માટે.

પેટ, જર, કુ-સંગત, મોત વિષે.

ગુણીજન કવિ ગુજરાતમાં, આગળ થયા અપાર ;
શામળ ભટ પણ એક છે, આ વિષયના રચનાર.

નકલ ૧૦૦૦

આવૃત્તિ ત્રિજી.

મુંબઈ:

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.

છપાવનાર તથા વેચનાર ઈશ્વરદાસ લાઈબ્રરીવાલા

મુંબઈ કાળકાદેવીને રસ્તે રામવાડી પાસે.

કિમ્મત અરધો આનો.

૨૪૩૨

શામળ કૃત છપ્પા.

પેટ ભરવા વિષે.

પેટ કરાવે વેઠ, પેટ વાજાં વજડાવે;
પેટ ઉપાડે ભાર, પેટ ગુણ સોના ગાવે;
પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરેછે;
પેટ કરેછે જાર, પેટતો સત્ય હરેછે;
વળિ સંચ પ્રપંચ અધિક કરે, પેટ કાજ નરકે પડે;
શામળ કહે સાચું માનજો, પેટ પાપ નરને નડે. ૧
વિપ્ર પેટને કાજ, શાસ્ત્ર વાંચે નેં શીખે;
વિચરી વળી વિદેશ, ભણેલા થઈને ભીખે;
વણિક પેટને કાજ, ચાહિ ને વહાણે ચડેછે;
મજુર ઉપાડે ભાર, ઘણા જન ઘાટ ઘડેછે;
વળિ કરેછે કાશદ કાશદુ, શિર કપાવિ તશ્કર મરે;
કહે શામળ પેટને કારણે, કુળાચાર સૌકો કરે. ૨
પેટ ચડાવે વાંશ, પેટથી નરતક નાચે;
પેટ કાજ ગુણ ગાય, ઊંચ નીચાને જાચે;
પેટ કરે છળ કપટ, પેટ રણમાં રખડાવે;
પેટ કરે વિખવાદ, પેટ તો શીશ કટાવે;
ચોરી ચાડી નેં ચાકરી, અધર્મ સૌ આ પેટના;
શામળ કહે સાચું માનજો, પ્રપંચ પાપી પેટના. ૩
કિયા ધડકણ નેં ધીર, કિયા ગુણ હિણ નેં જ્ઞાતા;
કિયા કૃપણ નેં કર્ણ, કિયા દંભી નેં દાતા;
કિયા રંકનેં રાય, કિયા અકરમી હાન્દર;
કિયા પાપિ પુન્યવંત, કિયા ચખહિણ નેં ચંદર;
વળિ અણપંડિત પંડિત કિયા, ભિખિ પારકે બારણે;
શામળ કહે માન ગમાવિયાં, કુડા પેટને કારણે. ૪
કિયા દળિદ્રિ દિવાન, કિયા કુરૂપ રૂપાળા;
કિયા જુધિષ્ઠિર જોર, કિયા ભિક્ષુક ભુપાળા;
કિયા બુદ્ધિ બળવંત, કિયા ગદ્ધા નેં ઘોડા;
કર્યા કપૂત સપૂત, રામ લક્ષમણના જોડા;

નર નાર જાર નેં સતિ કિયાં, જાણીં જેને વારણે;
શામળ કહે માન ગમાવિયાં. કુડા પેટને કારણે. ૫
કિયા નીચ નેં ઉંચ, કિયા રોગીનેં સાજા;
કિયા અબળ નેં સબળ, કિયા દુર્બળને તાજા;
કિયા અજાણ નેં જાણ, કિયા પથ્થર નેં હીરા;
કિયા અજા ગજરાજ. કિયા વેરીનેં વીરા;
જુઠા ખોટા સાચા કિયા, નીચ બુદ્ધિ કરે નેટને;
શામળ કહે માન ગમાવિયાં, પ્રપંચ પાપી પેટને. ૬
કઈ લક્ષ નેં અલક્ષ, કઈ રંજિત નેં રંગા;
કઈ રૂપહિણ રત્ન. કઈ ગંદી નેં ગંગા;
કઈ મૃગનેણી નાર, કઇ વળિ આંખે કાણી;
કઈ દાસી દેખિયે, રીઝવાળી કઈ રાણી;
જે લપોડશંખ લેખા વિના, દક્ષગુણવંત વળી કહ્યા;
શામળ કહે કવિ કોવિદ પણ, પેટતણે વશ સહુ રહ્યા. ૭
પેટ કરાવે પાપ, પેટ પરદેશે કાઢે;
પેટજ કરે પ્રપંચ, ભુલાવે મારગ આડે;
પેટ કરે પાખંડ, પેટ વાણુ વાકે દંડે;
પેટે સંકટ થાય, પેટ મેહેનતમાં મંડે;
સતિ નારીને ગુણકા કરે, શા અવગુણ કહું શેઠના;
શામળ કહેછે સૌ જાણજો, પ્રપંચ પાપી પેટના. ૮
જગત અન્ન આધાર, અન્ન દૈવત એ મોટું;
અન્ન વણ ન રહે જીવ, અન્ન વણ સરવે ખોટું;
દેવ દનુજ નર નાર, જિવેછે અન્નને જોરે;
અન્ન વિનાનું અવે, અતી અંધારું ઘોરે;
પાલણ પોષણ પૃથ્વી વિષે, કરતારે કૃત કૂરણા;
શામળ કહેછે સેવો સહુ, આદ્યશક્તિ અન્નપૂરણા. ૯
સિતારામ તે એજ, એજ શ્રીરાધાકૃષ્ણ;
એ ઉમયા નેં ઇશ, પંડિતે કીધું પ્રશ્ન;
એ રોહણિ નેં ચંદ્ર, એજ બ્રહ્મા સાવિત્રી;
મંત્ર જંત્ર નેં તંત્ર, એજ ગુણનિધિ ગાયત્રી;
અન્નપૂર્ણા સૌની ઇષ્ટ છે, બુદ્ધિવંત જન બુઝશે.
શામળ કહે અન્ન આધારથી, સર્વે ડહાપણ સૂઝશે; ૧૦
અન્નપૂર્ણા વડિ માત, જગત જીવાડણ જાણા;

અન્ન વિના સહુ શૂન્યં, અન્ન વિણ જિવે ન પ્રાણી;
અન્ન વિના સુખ અલ્પ, અન્ન વિણ ચરણ ન ચાલે;
અન્ન વિના ભાવે ન ભક્તિ, અન્ન વિણ મોજ ન માલે;
ઇશ્વર વહાલો નહિ અન્ન વણ, ગાન તાન ગુણ નવગમે;
શામળ સેવો અન્નપૂર્ણા, સકળ દુઃખ એથી શમે. ૧૧-૬૬

જર વિષે.

જરને વશ છે જગત, રાય પણ જરથી રીઝે;
જુવતી જર વશ હોય, લાભ પણ જરથી લીજે;
જર સજ્જન સનમાન, જરે જશવંત કહાવે;
જરથી પામે જોખ, સતી શુભ કુળની આવે;
જરનું જ જગતમાં જોર છે. દુરિજન જરે નમે સહૂ;
શામળ કહે છે જર જોરથી, બાપો એમ કહે બહૂ. ૧
જર માતા નેં તાત, જાત તે જરથી જાણો;
ડહાપણ પણ છે દામ, દામ રાજા નેં રાણો;
સગાં સહોદર સર્વ, દ્રવ્ય વણજે વેપારી;
રંગ ને રૂપ અનૂપ, દ્રવ્ય તે ધીરજધારી;
સૌ જગત વસ્યું છે જરથકી, ગરથમાંહિ ગુણ બહુ; ગણું
શામળ કહે સ્વર્ગે સંચરે, જોર હોય જો જરતણું. ૨
વિપ્ર ભણે છે વેદ, જઇ જરને તે જાચે;
સાધક નેં વળિ સિદ્ધ, રૂદે જરથી તે રાચે;
શૂરા બાંધિ શસ્ત્ર, જરથકી તે કરજોડે;
અનમી નેં અહંકારિ, હાથ જર આગળ ઓડે;
ગામી નામી નેં મહિપતિ, જરને વશ વસ્તી રહે;
શામળ કહે છે સંસાર સૌ, દમડાને ડાહ્યો કહે. ૩
જરથી પામે જોખ, જરે ઇંદ્રાસન આણે;
જરથી જગ જીતાય, જરથકી મોટમ માણે;
જરથી લાખ કરોડ, હોડ હઠીલા હારે;
જરથી રાજ્ય થપાય, જરે ઝાઝાને મારે;
એમ જગત વશ્ય છે જરતણે, ચિતવે તેવા ગુણ ગણે;
જગદીશ ઇશ વશ જરતણે, શામળભટ સાચું ભણે. ૪
ધણો જેહ ઘર ગરથ, રૂપ તેને ઘેર રહે છે;

ઘણો જેહ ઘરં ગરથ, કુલિન પણ તેને કહે છે;
ઘણો જેહ ઘર ગરથ, રહે વશ તેને રાજા;
ઘણો જેહ ઘર ગરથ, સુજશ બોલે જન ઝાઝા;
જર તો છે ઇશ્વરથી અધિક, બુધિ નિધાન પ્રાક્રમ બહુ;
શામળ સેવક શ્રીમંતના, શત પ્રકાર શોભિત સહુ. ૫
જર વિના જે જોબ્ય, શોભ્ય તે તો નહી સાચો;
જર વિણ તનમાં પ્રાણ, કહૂ કરતૂંતે કાચો;
જર વિના જે રૂપ, દેહ કુરૂપી કૂડો;
જર વિણ મંદિર માળ, ભર્મ રાખે તે ભુંડો;
જર વિણ ડહાપણ છે જેટલું, તે ઘેલાપણ જાણવું;
શામળ કહે સગળી ચીજ તે, જગમાં જર પરમાણવું. ૬
જરથી શોભે સર્વ, વેદના જરથી વામે;
જરથી જીતે ન્યાય, જરે મનવાંછિત પામે;
જરથી સગપણ સાથ, કરે જરથી સૌ કાજે;
જર જોડાવે હાથ, જરથકી સરવે લાજે;
જર તરણાનો મેર કરે, રાજ્ય અપાવે રંકને;
કવિ શામળ કહેછે જરથકી, પામર લૂટે લંકને. ૭
ગાંઠે જેને ગરથ, ભલી તે વિદ્યા ભણિયો;
ગાંઠે જેને ગરથ, રહે નહિ કોઇનો રણિયો;
ગાંઠે જેને ગરથ, તેજ પંડિત છે પૂરો;
ગાંઠે જેને ગરથ, તેજ છે સામદ શૂરો;
વળિ ગાંઠે જેને ગરથ, છે પરાક્રમી પરમાણવો;
શામળ કહેછે સંસારમાં, જર વિણ મૂરખ જાણવો. ૮
જર છે સૌનો જીવ, જરે લે મહાસુખ માણી;
કરે પરાણે પ્રીત, રંક રાજા નેં રાણી;
જર વશ બાધું જગત, જરે જુવતી વશ થાય;
જર આગળ કરજોડિ, રહે મોટા રૂષિરાય;
જર જંગલમાં મંગળ કરે, જુવતા સરવે જોગવે;
શામળ કહે ધનથી ધનપતી, ભારે સુખ તે ભોગવે. ૯
ડહાપણ દમડામાંહિ, રહે દમડામાં યારી;
દમડામાંહી રૂપ, ભેદ દમડામાં ભારી;
જો દમડામાં જોર, રહે વશ થઇને રાજા;
દમડે ઊંચ અધિકાર, ગુણ દમડામાં ઝાઝા;

દમડો છે મોંઘો દેવથી, વણ દમડે સૌ વામણા;
શામળ કહે છે દમડાતણાં, ભાત ભાત લેઉ ભામણાં. ૧૦
જર દેખી જશવંત, ગુણ ને જ્ઞાન ગમાવે;
ધન દેખી ધનવંત, નીચને શીશ નમાવે;
સોનું દેખી શ્રીમંત, કપટનું કામ કરેછે;
ગરથ દેખિ ગુણવંત, હેતથી હાથ ધરેછે;
રાજાની કે શું રાંકની, નિર્મળ કુળની નારિયો;
શામળ કહે છે સત્ય જાણજો, જર દેખી કરે જારિયો. ૧૧
શૂર કપાવે શીશ, ચતુર ચાકરી ચહાયે;
નાચેછે નૃત્યવંત, ગીત ગુણિજન થઇ ગાયે;
વિદ્યાવંત વિદેશ, જાચવા કારણ જાયે;
મજુર વહે શીર ભાર, કષ્ટ કાશદ સહે કાયે;
જે જે ઉપાય અન્યાય જે, બુદ્ધિ બગાડે બારણે;
શામળ કહે શાણા સમજજો, દ્રવ્ય કમાવા કારણે. ૧૨
જર પામી જગમાંહિ, મોજ એકે શી માણે;
જર પામી જગમાંહિ, આપ અક્કલ શી આણે;
જર પામી જગમાંહિ, સ્વાદ એકે નવ સૂજે;
જર પામી જગમાંહિ, બડાઇ કશી ન બુઝે;
જર પામી તો જખ મારતા, ફરે બિચારા બુંબ બહુ;
શામળ કહેછે જર જોરથી, શુભ વાતો સૂજે સહૂ. ૧૩
દમડા પાખિ દરિદ્ર, કુલિન તે કિંકર કહાવે;
રિદ્ધિ વિના તે રંક, પ્રતિષ્ટા માન ગમાવે;
વિદ્યા અને વિવેક, દામ આગળ સૌ ડૂલ્યાં;
જે જે કરવાં જાય, ભરમથી સરવે ભૂલ્યાં;
જે શૂર પૂર શાણા ઘણા, વપૂ વરણાગી વાંકડા;
શામળ કહે સૌ સંસારમાં, રિદ્ધિ વિનાનાં રાંકડા. ૧૪
જેને જરનું જોર; જુલમ ઝાઝો કરિ ઝૂઝે;
જેને જરનું જોર, બિજાને તે નવ બુઝે;
જેને જરનું જોર, અહંપદ અતિશે આણે;
જેને જરનું જોર, જગત ઉજડ તે જાણે;
વળિ જેને જરનું જોર છે, છાકયો રહે અમલે અતી;
શામળ કહે છે સદ્બુદ્ધિ વાગુ, રૂડું ન થાય તથી રતી. ૧૫
બે હાથીનું જોર, બાહુ બે માંહિ બિરાજે;

વાઘ સિંહની પેર, ગરથ ગાંઠે તે ગાંજે;
ભુખ તડકો કે ટાઢ, નહી જર પાશે જાય;
જંત, ભુત કે પ્રેત, કદી ચેટક ન સહાય;
મન મદિરા શેર સવાતણી, કેફ સદા આવી વસે;
શામળ કહે દુખિયો દુખ કહે, જરવાળો હૈડે હસે. ૧૬
નિરધન બોલે સત્ય, કહે જરવાળો જુઠી;
નિરધન ગાણું ગાય, જાય જરવાળો ઉઠી;
હા હા કહે સહુ લોક, વદે જરવાળો જુઠું;
રિદ્ધિ ઉપર સહુ રાજિ, રિદ્ધિ પામી સહુ રૂડું;
ચૌદે વિદ્યાની ચાતુરી, ગરથ સાથ વાસો રહે;
વળિ કર્મ ધર્મ નેં સર્મ સહુ, કવિ શામળ જરને કહે. ૧૭
ડાટ્યું જેણે દ્રવ્ય, સર્વ અવતરિયા સાપે;
ડાટ્યું જેણે દ્રવ્ય, પિંડ નવ લીધો બાપે;
ડાટ્યું જેણે દ્રવ્ય, પાપમાં થયોજ ગરકે;
ડાટ્યું જેણે દ્રવ્ય, નીસરે પડિયો તે નરકે;
નવ ખાધું ખરચ્યું વાવર્યું, દાન દેઇ જશ નવ લિયો;
શામળ શિર ભાર વહી મુઓ, દેવે તેને દંડિયો. ૧૮
જેમ ઘાંચિનો બળદ, રાત દીવસ તે ફરિયો;
જેમ ગદ્ધો ગુણહીણ, ભાર અણલેખે ભરિયો;
પાડો જેમ પખાલ, પુંઠપર પરઠે પાણી;
વેઠે પકડયો વીર, તડફડીને તે તાણી;
જર રળ્યો રોજ થઇ રાંકડો, વેઠી દુઃખ વધારિયો;
શામળ નવ ખાધો ખરચિયો, જીતી બાજી હારિયો; ૧૯
જર જોતામાં જાય, જુગ્મે જર ખાતાં ખૂટે;
જર જોતામાં જાય, ચોર કે હાકમ લૂટે;
જર જોતામાં જાય, ઉઠે જો આગ સજોરી;
જર જોતામાં જાય, ચડે ચાડી કે ચોરી;
જર જાવા બેસે જે સમે, રાખ્યું ઘડી રહે નહી;
શામળ કહે જાય સમુળનો, કહો મુખ જોવું કહી. ૨૦
તેડે ત્યાં નવ જાય, ઘણી મેહેનતથી માગે,
જા કહેતાં નવ જાય, પ્રણીપત પાયે લાગે;
કોશર કિધે ન રહે, ન રહે વાવરતાં દહાડી;
કરે કોઠિ ધિક્કાર, જાય નહિ હાંકી કહાડી;

આશા રખેજ એની કરો, માનો કહું તે મર્મની;
શામળ કહેછે લક્ષ્મી રહે, કબુલ હોય જો કર્મની. ૨૧
નાવે ડહાપણ કીધ, ન આવે વિદ્યા ભણતાં;
નાવે કરતાં કપટ, ન આવે સદગુણ ગણતાં;
નાવે ગયે વિદેશ, ન આવે વેઠયે દુઃખે;
નાવે જાણવે જોર, ન આવે ભમતાં ભૂખે;
આવે ન પરાક્રમ પૂરથી, નાવે લોભ લુચ્ચાથકી;
શામળ કહે લક્ષ્મી લેહેર તો, મળે કર્મ સંચા થકી. ૨૨
કઇક ઉપાડે ભાર, ઉદર પણ રહે અધૂરૂં;
કઇક ચડેછે વાંશ, પેટ પણ થાય ન પૂરૂં;
કઇક ભણી વિદ્યાય, ચતુર આણવાણા ચરણે;
કઇક કરે વેપાર, નહી પણ કુંડળ કરણે;
અક્કલ અરથે નથી આવતી, ભોળાશો નહિ ભર્મમાં;
શામળ કહેછે લક્ષ્મી મળે, કબુલ હોય કર્મમાં. ૨૩
વિદ્યા ન મૂકાય હાટ, વિદ્યા ઘરેણું ન ઘડાય;
વિદ્યા ન વસ્ત્ર વણાય, વિદ્યા ચૂલે ન ચડાય;
વિદ્યા થાય ન લોટ, વિદ્યાથી ભૂખ ન ભાગે;
નહિ પેહેરાય ઓઢાય, કદી વિદ્યા નર નાગે;
વિદ્યાથી વપુ રહે નહીં, પિવાય નહિ તે પાણિએ;
વેહે દરિદ્ર ડાહ્યો થઇ, જન તે મૂરખ જાણિએ. ૨૪-૨૧૦

કુસંગતિ વિષે.

કરે નીચનો સંગ, નીચની બુદ્ધિ આવે;
કરે નીચનો સંગ, સકળ સદગુણ ગમાવે;
કરે નીચનો સંગ, નીચની ભાષા ભાખે;
કરે નીચનો સંગ, નીચની રીતી રાખે;
વળિ નીચ કામ નીચાં કરે, નીચ કહેવાયે ઉંચ જન;
શામળ કહે સંગત નીચની, કોઇ ન કરશો કોય દન. ૧
પંડિત પંડિત પ્રીત, મુરખને મૂરખ વહાલા;
રૂડે રૂડી રીત, ચતુર ચતુરાઇ ત્યાં ચાહ્યા;
સૂમને વહાલો સૂમ, વહાલ દાતાને દાતા;

જારને વહાલો જાર, ગુણીજનને ગુંણજ્ઞાતા;
શૂરાને વહાલા શૂરનર, કાયરને કાયર ગમે;
જશવંત ગમે જશવંતને, શામળ રામ હૃદે રમે. ૨
મળે ઊંચને ઊંચ, મળે ભંગીને ભંગી;
મળે નીચને નીચ, મળે રાગીને રંગી;
મળે ભગતને ભગત, મળે પાપીને પાપી;
મળે જ્ઞાનિને જ્ઞાનિ, મળે જાપકને જાપિ;
વળિ વ્યસનીને વ્યસની મળે, મળતે મળતા ગુણ મળે;
જેમ લવણ મળેછે તક્રમાં, શામળ પય શાકર ભળે. ૩—૨૨૮

મોત વિષે.

કોઇ કહે આવ્યો તાવ, કોઇ કહે થયું કોગળિયું;
કોઇ કહે કરડ્યો નાગ, કોઇ કહે વાસી વળિયું;
કોઇ કહે વાધ્યો રોગ, કોઇ કહે શસ્ત્રજ વાગ્યું;
કોઇ કહે માર્યો મૂઠ, કોઇ કહે પાપજ લાગ્યું;
ઇશ્વર માથે લેતો નથી, જગતમાંહિ મહિમા જુઓ,
શામળ કહેછે સૌ સાંભળો, મોત આવ્યું તેથી મુઓ. ૧
પેસે અરણવ નીર, તીર ગંગાને બેસે;
ચડે જો પર્વત મેર, કદી પાતાળે પેસે;
પર્વત માંહિ પ્રવેશ, કરે આપે એકાંતે;
ઓષડ અમૃતધાર, ભમે ભૂલા બહુ ભાંતે;
કિંકર રાખે કઇ કોટિધા, સંચ પ્રપંચ ઘણા કરે;
શામળ કહેછે સૌ સાંભળો, મોત આવ્યે નિશ્ચે મરે. ૨
માત તાત નેં મિત્ર, પુત્ર પરિવારંજ મોટા;
અલખ્ખત અપરમપાર, ઘણા હસ્તી નેં ઘોડા;
સેવક સાથે શૂર, પરીપૂરણ પરતાપે;
બળવંતા બાહુ બહુ, છત્ર છાંયે છત છાપે;
અધિકાર અદ્ભુત લખ્ખ ઇંદ્રનો, કોડ વાર શું કહું કથી;
પણ મોત થકી મૂકાવવા, શામળ કોઇ સમરથ નથી. ૩
નાડે ન મુકે ભૂખ, દુઃખ નાડે નવ જાય;
નાડે ન મુકે ભોગ, રોગ નાડે પણ થાય;
નાડે ન મુકે તાવ, પાપ નાડે નવ છૂટે;

નાડે ન રહે લાજ, ચોરૂં કે હાકમ લૂટે;
કદિ નાઠે મોત મુક્ે નહી, પ્રસબ્યો ત્યાંથી પાસ છે;
કવિ શામળ ભટ સાચું કહે, નામ સર્વેનો નાશ છે. ૪
જે જાયું તે જાય, જેહ ફુલ્યું તે ખરશે;
ભર્યું તેહ ઠલવાય, ચડ્યું તે તો ઉતરશે;
લીલું તે સૂકાય, નવું તે જુનું થાશે;
આયુર્દા વશ સર્વ કાળ, સૌકોને ખાશે;
જો કિન્નર જક્ષ નેં રાક્ષસો, દેવ ગાંધર્વનેં દાનવી;
મધવાદિક પણ મોતે મરે, કોણ માત્રમાં માનવી. ૫
ગયા ઇંદ્ર કઇ ક્રોડ, ગયા બ્રહ્મા કઇ ભુલ્યા;
ગયા કરોડો કામ, અડગશૂરા પણ ડુલ્યા;
ગયા દેવ દિગપાળ, ગયા માંધાતા મહિપત;
ગયા દિલિપ હરિચંદ્ર, ગયા છાકેલ છત્રપત;
વળિ ગયા જનક ને જાદવો, જે વળિ લાગ્યા જાનવી;
સ્થિર સ્થાવર કોઇ રહ્યા નહી, કોણ માત્રમાં માનવી. ૬
માત પિતાનો ભોગ, જોગ વિરજ બંધાયું;
રૂધિર માંસને હાડ, શરિર તેનું સંધાયું;
નસો જાળ નખ વાળ, સંગ લઇ સાંધા મેળ્યા;
પંચભૂતના ભાગ, લાગ ભમવાને ભેળ્યા;
મમતા માયા અહંકાર અતિ, વાયુંરૂપ કોઇક વસ્યો;
શામળ જળ પરપોટો જથા; કહો ગરવ તેનો કસ્યો; ૭
મારૂં મારૂં કહે મૂઢ, કારમી કાયા માયા;
અજ્ઞાને આરૂઢ, અંધ થઇ ધંધે ધાયા;
આ મારૂં ઘરસૂત્ર, પુત્ર મારો પરણાવું;
ઘડપણ પાળે મને, આજ ભલિભાત ભણાવું;
પણ દીપક વશ છે વાયુને, કાચો કૂંપો કાચનો;
શામળ કહે મુઢ મમતા કરે, એવા શરિર અસાચનો. ૮
જાય જોરાવર શરણ, ત્રિતે પાતાળે પેસે;
પેસે અરણવ નીર, મેરૂં માથે જઇ બેસે;
જાય શેષને શરણ, રવીરથ આગળ ચાલે;
મંત્ર જંત્રનાં જાપ, કરી મધવાસંગ માલે;
કદિ સંચ પ્રપંચ કરે ઘણા, રવિમંડળ આપ્યું અટે;
પણ શામળ ભટ સાચું કહે, મરવાનું તો નહી મટે. ૯

કોઇ આજ કોઇ કાલ, કોઇ દિવસે કોઇ રાતે;
કોઇ જોબન કોઇ વૃદ્ધ, બાળ જન જુવતી જાતે;
કોઇ તાપે તરફડી, આપઘાતે કોઇ મરતાં;
કોઇ ભોગ કોઇ રોગ, કોઇતો સરપ કરડતા;
કોઇ વાસિવિકાર કે હડકવા, કોઇ મમતે લડિને મુઓ;
પણ કાળ ન મૂકે કોઇને, શામળ કહે સમજી જુઓ. ૧૦
રાખે લાખ રખવાળ, લોહ પિંજરમાં પેસે;
અરણ્ય વિચ્ચ આસન, વાળિને જો કોઇ બેસે;
[illegible]ગુફા ગંભીર, માંહિ કોરાવી માણે;
ઇન્દ્રજાળ વિદ્યાય, જુગતથી જો વળિ જાણે;
સંભાળિ સાચવી સાંચરે, કોટિ જતન કોડે કરે;
જાળવતાં પણ જીવે નહીં, મોત વખત નિશ્ચે મરે. ૧૧
ચિરંજીવિ નહિ કોઇ, ગયા માંધાતા મહિપત;
ચિરંજીવિ નહિ કોઇ, ગયા વહિ અગણિત અહિપત;
ચિરંજીવિ નહિ કોઇ, ગયા અધિકારી ઇંદ્ર;
ચિરંજીવિ નહિં કોઇ, ગયા કઇ સૂરજ ચંદ્ર;
વળિ ગયા રામ ને રાવણા, ગયા દેવને દાનવી;
સતવાદી સલક્ષણા ગયા, કોણ માત્રમાં માનવી. ૧૨
કોઈ આજ કોઇ કાલ, કોઇ માસે ખટ માસે;
કોઇ વર્ષે દશબાર, કોઇ પચીશ પચાસે;
કોઇ સાઠ સીતેર, કોઇ પોણોસો એંશી;
જે જાયું તે જાય, નથી રહેવાનું બેસી;
જે નામ તેહેનો નાશ છે, ધર્મજ એવો ધારવો;
કવિ શામળ કહે મૂરખ કરે, ગંદિ દેહનો ગારવો. ૧૩
ઘડી પલક કે પહોર, સાંજ સવાર કે વહાણું;
એ દીપક ઓલાય, ન આવે સાથે નાણું;
રહે ઘરમાં કે ગામ, દેશ પરદેશ પડશે;
જળ પરપોટો જેમ, એક દિન નિશ્ચે નડશે;
રાખી કોઇની રહેશે નહીં, દિવસ નકી નહિ દેહનો;
શામળ કહે કાચો કુંભ છે, તો ભરુસો શો તેહનો. ૧૪-૩૧૨
